# Directorate of Accounts & Treasuries

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

"વિમા અને લેખા ભવન",
બ્લોક નં. - ૧૭/૨, જુના સચીવાલય,
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

(EDP CELL)
"Vima & Lekha Bhavan",
Block No. - 17/2, Old Sachivalay,
Dr. Jivaraj Mehta Bhavan
Complex,
Gandhinagar - 382 010

Fax. (079) 232 57867 Ph. (079) 232 56345 E Mail - jtdiredp-dat@gujarat.gov.in

નં. હિતિનિ/ઇડીપી/03/૩૨૬૯૬૪/ ૫૨૫૨૦૨ તા. ૨૫/૦૮/૨૦૧૦

વંચાણે લીધા:-

(૧) નાણા વિભાગના તા. ૨૫-૦૯-૨૦૦૩ના પરિપત્ર નં. તજર-૧૦૨૦૦૩-૬૭૭-ઝ.

(૨) પરિપત્ર નં. હિતિનિ/ઇડીપી/ઉ.અ.સંજ્ઞા/પરિપત્ર/૩૨૬૯૬૪/૩૫૦૦૭૬ તા. ૧૬-૦૪-૨૦૧૦.

(૩) નાણાં વિભાગના તા. ૧૪-૦૭-૨૦૧૦ના પત્ર ક્રમાંક:- તજર-૧૦૨૦૧૦-૩૩૩-ઝ.

પરિપત્ર નં - ૮/૨૦૧૦-૧૧.

વિષય:- ઉપાડ અને વહેંચણી અધિકારીને લગતી દરખાસ્ત કરવા બાબત.

વંચાણે લીધેલ પરિપત્રથી ઉપાડ અને વહેંચણી અધિકારીને લગતી અલગ-અલગ પ્રકારની દરખાસ્ત એટલે કે, નવો કોડ ફાળવવા, હોદ્દા ફેરફાર વગેરે બાબતે સુચનાઓ આપવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રના અનુસંધાને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) સંદર્ભમાં ૨ માં દર્શાવેલ અત્રેના તા. ૧૬-૦૪-૨૦૧૦ના સરખા ક્રમાંકના પરિપત્રની સુચનાઓ પૈકી સુચના ક્રમાંક B - ઉપાડ અને વહેંચણી અધિકારીના હોદ્દા ફેરફારની દરખાસ્ત કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અન્વયે સંદર્ભ ૩ માં દર્શાવેલ સરકારશ્રીની તા. ૧૪-૦૭-૨૦૧૦ની સ્પષ્ટતા અન્વયે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

હોદ્દા ફેરફારના કીસ્સામાં જો ઉપાડ અધિકારીનો હોદ્દો જગ્યા અપગ્રેડ થવાને લીધે બદલાતો હોય અને આવા જગ્યા અપગ્રેડ થવાના હુકમો નાણાં વિભાગની પરામર્શમાં થયેલ હોય, તો જે તે કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારીના હોદ્દા ફેરફારના કીસ્સામાં નાણાં વિભાગની પુન: અનુમતિ મેળવવાની જરુરીયાત રહેતી નથી. એટલે કે નાણાં વિભાગના તા. ૧૧-૦૨-૨૦૦૮ના ઠરાવથી સંબંધિત વહીવટી વિભાગને આપવામાં આવેલ સત્તા મુજબ વહીવટી વિભાગના હુકમો માન્ય રાખવાના રહે છે.

(૨) સંદર્ભ ૨ માં દર્શાવેલ અત્રેના તા. ૧૬-૦૪-૨૦૧૦ના સરખા ક્રમાંકના પરિપત્રની સુચનાઓમાં F- ઉપાડ અધિકારીનો કોડ રદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો ઉમેરવામાં આવે છે.

(F) ઉપાડ અધિકારીનો કોડ રદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:-

A. સંબંધિત કચેરીના ખાતાના વડાંની કચેરી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત.

B. સંબંધિત વિભાગનો કચેરી બંધ કર્યાનો હુકમ (અસલમાં/જિલ્લા તિજોરી અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થયેલ નકલ).

C. શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબી અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય.

બિડાણ:- નાણાં વિભાગનો તા. ૧૪-૦૭-૨૦૧૦નો પત્ર.

સંયુક્ત નિયામક

પ્રતિ,

(૧) પગાર અને હિસાબ અધિકારીશ્રી. પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ગાંધીનગર.

(૨) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી, ______________(તમામ)

નકલ રવાના:-

નાયબ નિયામકશ્રી, તિજોરી નિયંત્રણ શાખા, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારું.